# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




ઓઈલ કંપનીઓની એડવાન્સ પેમેન્ટ પદ્ધતિમાં ફેરફારથી સપ્લાયમાં આંશિક વિલંબ થતા ગેરસમજ સર્જાઈ

# ચરોતરમાં પેટ્રોલની અછતની અફવા પંપો પર વાહનચાલકોની લાંબી કતારો

**સંચાલકોએ** અછતનો સ્પષ્ટ ઇનકાર કર્યો, આગામી 24 કલાકમાં સ્થિતિ સામાન્ય થવાની આશા



(પ્રતિનિધિ) નડિયાદ, તા.23

આણંદ - નડિયાદ શહેરમાં સોમવારના રોજ પેટ્રોલની અછત હોવાની અફવાઓ વહેતી થતા વિવિધ વિસ્તારોમાં આવેલા પેટ્રોલ પંપ પર વહેલી સવારથી જ વાહન ચાલકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં ઈંધણ મળવું મુશ્કેલ બનશે તેવા ડરથી લોકોમાં ફાળ પડી હતી, જેના પરિણામે પંપો પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને તેના કારણે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી.

વાસ્તવમાં, બજારમાં ચાલી રહેલી ચર્ચાઓ અને હકીકત વચ્ચે મોટો તફાવત છે. પેટ્રોલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવા છતાં, તેલ કંપનીઓ દ્વારા એડવાન્સ પેમેન્ટની પદ્ધતિમાં કરવામાં આવેલા વહીવટી ફેરફારોને કારણે સપ્લાય મેનેજમેન્ટમાં આંશિક વિલંબ થયો હતો. આ વિલંબને લોકોએ અછત માની લેતા ગભરાટ ફેલાયો હતો અને લોકો પોતાની જરૂરિયાત કરતા વધુ ઈંધણ ભરાવવા માટે પડાપડી કરવા લાગ્યા હતાં.

નડિયાદના પીપલગ રોડ સ્થિત પંપ સંચાલક ચિરાગભાઈએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, શહેરમાં પેટ્રોલની કોઈ અછત નથી અને પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા જથ્થો નિયમિત રીતે મોકલવામાં આવી રહ્યો છે. તંત્ર અને સંચાલકો દ્વારા ગ્રાહકોને સંયમ જાળવવા અને સોશિયલ મીડિયા પર ફેલાતી ખોટી અફવાઓ પર ધ્યાન ન આપવા વિનંતી કરવામાં આવી છે. હાલમાં સ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને જે પંપો પર જથ્થો ઓછો થયો હતો ત્યાં ટેન્કરો દ્વારા સપ્લાય પહોંચાડવાની કામગીરી તેજ કરી દેવામાં આવી છે, જેથી આગામી 24 કલાકમાં સ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય થઈ જશે.

પાર્કિંગમાં દબાણ અને ઉપરના માળે કરાયેલું વધારાનું બાંધકામ તોડી પાડવા આદેશ

# નડિયાદના શીતવંદન કોમ્પલેક્ષમાં ગેરકાયદે બાંધકામ દૂર કરવા નોટિસ

**બિલ્ડર અતુલ** પટેલને 3 દિવસની આખરી નોટિસ ફટકારવામાં આવી



(પ્રતિનિધિ) નડિયાદ તા.23

નડિયાદ શહેરના કોલેજ રોડ પર આવેલા શીતવંદન કોમ્પલેક્ષમાં બિલ્ડર દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામ અને પાર્કિંગની જગ્યામાં દબાણ મામલે નડિયાદ મહાનગરપાલિકાએ કડક વલણ અપનાવ્યું છે. લાંબા સમયથી રહીશો દ્વારા કરવામાં આવતી રજૂઆતો અને અગાઉ આપેલી નોટિસો છતાં કોઈ કાર્યવાહી ન થતા હવે તંત્ર દ્વારા ૩ દિવસની અંતિમ મહેતલ આપવામાં આવી છે.

નડિયાદ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગની તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, ટીપી સ્કીમ નંબર 3 ના ફાઈનલ પ્લોટ નંબર 164 માં આવેલા આ કોમ્પલેક્ષમાં મંજૂરી વિના જ વધારાનું બાંધકામ કરી દેવામાં આવ્યું છે. સ્થળ તપાસમાં છઠ્ઠા માળ પર કોર્મશિયલ રિનોવેશન અને સાતમા માળ પર ગેરકાયદે સ્ટીલ ફ્રેમ સ્ટ્રક્ચર ઊભું કરાયું હોવાનું માલૂમ પડ્યું છે. આ ઉપરાંત, બેઝમેન્ટમાં પાર્કિંગની નિર્ધારિત જગ્યામાં પણ પાર્ટિશન કરી દબાણ કરવામાં આવ્યું છે.

અગાઉ નવેમ્બર 2025 અને જાન્યુઆરી 2026 માં પણ તંત્ર દ્વારા નોટિસો આપવામાં આવી હતી, પરંતુ બિલ્ડર અતુલ પટેલ દ્વારા તેનો અમલ કરવામાં આવ્યો નહોતો. રહીશોની તાજેતરની લેખિત રજૂઆત બાદ તંત્રએ હવે આખરી ચેતવણી આપી છે કે જો ૩ દિવસમાં આ ગેરકાયદે બાંધકામ જાતે દૂર કરવામાં નહીં આવે તો મહાનગરપાલિકા પોતાના ખર્ચે અને જોખમે આ દબાણો તોડી પાડશે. આ કામગીરીનો તમામ ખર્ચ અને દંડની રકમ પણ બિલ્ડર પાસેથી જ વસૂલવામાં આવશે તેવી કડક સૂચના આપવામાં આવી છે.

# આણંદના ભાલેજ બ્રિજ પર વાહનો અથડાતાં મારામારી

**આણંદ શહેર** પોલીસે છ શખસ સામે સુલેહ શાંતિ ભંગ બદલ ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદના ટ્રાફિકથી ભરચક ભાલેજ બ્રિજ પર વાહન અથડાવા બાબતે કેટલાક શખસ મારામારી પર ઉતરી આવ્યાં હતાં. આ અંગે શહેર પોલીસે તમામ છ શખસ સામે સુલાહ શાંતિના ભંગ બદલ ગુનો નોંધ્યો હતો.

આણંદ શહેર પોલીસની ટીમને સોશ્યલ મિડિયા પર એક વિડીયો જોવા મળ્યો હતો. જેમાં કેટલાક શખસ જાહેર રોડ પર મારામારી કરી ઝઘડો કરતાં હોવાનું જણાયું હતું. આથી, શહેર પોલીસે તપાસ કરતાં ઈમરાન ફિરોજ ચૌહાણ, મૈયુદ્દીન અલાઉદ્દીન દિવાન, વસીમ નાસીર બેલીમ, જમીરહુસેન રફીક ચૌહાણ (તમામ રહે. પણસોરા, કસ્બા, તા. ઉમરેઠ) હોવાનું જાણવા મળ્યું હતું. આ શખસ 21મી માર્ચના રોજ ઈદનો તહેવાર હોવાથી આણંદના સો ફુટના રોડ પર મેળામાં આવ્યો હતો અને પરત જતા સમયે ઈસ્માઈલનગર બ્રિજ ઉતરતા સામેથી એક્ટિવા લઈને આવતા બીજા બે શખસ જાવેદ સબ્બીર મલેક તથા રેહાન શબ્બીર મલેક (બન્ને રહે. સામરખા) સાથે વાહન અથડાતાં ઝઘડો થયો હતો. આ ઝઘડામાં રોડ પર જ એકબીજા સાથે મારામારી કરી શાંતિનો ભંગ કરી બખેડો કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

આથી, આણંદ શહેર પોલીસે હેડ કોન્સ્ટેબલ દક્ષેશકુમારની ફરિયાદ આધારે ઈમરાન ચૌહાણ, મૈયુદ્દીન દિવાન, વસીમ બેલીમ, જમીરહુસૈન ચૌહાણ, જાવેદ મલેક અને રેહાન મલેક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

વિદેશ રહેતાં બે બહેનોએ વારસામાં મળેલી જમીન સાચવવા પિતરાઇને આપી હતી

# સોજિત્રામાં જમીનનું રખોપું કરતાં પિતરાઈએ જ બારોબાર વેચી દીધી

**બોગસ** સહીઓ કરી નકલી દસ્તાવેજ બનાવી બારોબાર વેચી દીધી

(પ્રતિનિધિ) આણંદ તા.23

આણંદ શહેરના વતની અને હાલ વિદેશમાં રહેતા વૃદ્ધાના પિયરપક્ષે વારસામાં જમીન મળી હતી. આ જમીન સાચવવા માટે તેમના પિતરાઈને આપી હતી. પરંતુ આ શખસે જમીનના બોગસ દસ્તાવેજ બનાવી બારોબાર વેચી દીધી હતી.

આણંદના લાંભવેલ ગામમાં રહેતા નયનાબહેન હર્ષદભાઈ પટેલનું પિયર સોજિત્રાના ગાડા ગામમાં થાય છે. તેઓ બે બહેન છે. તેમને પિતા તરફથી ગાડા ગામમાં કેટલીક જમીન વારસામાં મળી હતી. જોકે, બન્ને બહેનો વિદેશ રહેતા હોવાથી તેમના કુટુંબી પિતરાઈ કાકાના દિકરા જનક રમેશ પટેલ (રહે. ગાડા)ને સાચવવા માટે જમીન આપી હતી. પરંતુ દસેક મહિના પહેલા જ્યારે નયનાબહેન યુકે હતાં, તે સમયે તેમના મોટા બહેન મીનાક્ષીબહેન ઉર્ફે મીના જે યુએસએથી ફોન કરી જણાવ્યું હતું કે, આપણી ગાડા ગામમાં જે જમીન આવેલી છે, તે જમીન સારા ભાવે વેચાણ જતી હોવા અંગે જનક પટેલનો ફોન આવ્યો હતો. આપણા બન્નેના જમીન વેચાણ કરવા પાવર મંગાવ્યો છે. જોકે, નયનાબહેન અન્ય કામમાં હોવાથી પાવર આપવાની ના પાડી હતી. પરંતુ પાવર ઓફ એટર્ની માંગતા રહેતા હોવાથી મીનાક્ષીબહેને પણ જનક પટેલના નામનો પાવર ઓફ એટર્ની અને કેટલાક ડોક્યુમેન્ટ મોકલી આપ્યાં હતાં.

દરમિયાનમાં 3જી જાન્યુઆરી, 2026ના રોજ નયનાબહેનના પતિ સોજિત્રા આવ્યાં હતાં અને ગાડા ગામની જમીનની નકલ કઢાવી હતી. જેમાં જમીન વેચાઇ થઇ ગઇ હોવાની હકિકત બહાર આવી હતી. આથી, ચોંકી ગયેલા નયનાબહેન પણ 5મી ફેબ્રુઆરીના રોજ વતન આવ્યાં હતાં અને તપાસ કરી હતી. જેમાં તેમની જમીન 17મી જાન્યુઆરી, 2025ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થયો હતો. જેમાં મીનાક્ષીબહેન અને નયનાબહેનની સહી પણ હતી. આ વેચાણ દસ્તાવેજ જનક રમેશ પટેલે કર્યો હતો અને જમીન કોકિલાબહેન લાલજીભાઈ સોલંકી (રહે. કોવાણીયાપુરા, ખેડા)ને વેચાણ આપી હતી. આ દસ્તાવેજની સહીઓ જોતા ખોટી હતી. તેમજ જનક પટેલને કોઈ પાવર ઓફ એટર્ની મોકલી આપેલી ન હોવા છતાં વેચાણ દસ્તાવેજમાં જનક પટેલના નામનો જમીન અંગેનો ખોટો પાવર ઓફ એટર્ની પણ કર્યો હતો. આમ, ખોટા પાવર ઓફ એટર્ની તેમજ ખોટા સહીઓથી જમીન બારોબાર વેચી દેવામાં આવી હતી. આ અંગે નયનાબહેન પટેલે તાત્કાલિક સોજિત્રા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે જનક રમેશ પટેલ (રહે. ગાડા, તા. સોજિત્રા) સામે ગુનો નોંધ્યો હતો.

# ખંભાતમાં દુકાન બહાર પડેલા સળીયા ચોરી કરવાની કોશિષ

**દુકાન** માલિક દોડી આવતાં લોખંડના સળીયા, ટેમ્પા સહિતનો મુદ્દામાલ મુકી તસ્કરો ફરાર

(પ્રતિનિધિ) ખંભાત, તા.23

ખંભાતના જલુંધ ગામમાં ટેમ્પો લઈ ચોરી કરવા નિકળેલી ગેંગનો પ્રયાસ નિષ્ફળ બન્યો હતો. જલુંધ ચોકડી પર ટ્રેડર્સની દુકાન બહાર પડેલા સળિયા ટેમ્પામાં ભરી ચોરી કરવા જતાં પહેલા માલિક આવી જતાં હોહા મચી હતી. જોકે, તસ્કરો બધો સામાન મુકી ભાગી ગયાં હતાં.

ખંભાતના પીપળોઈ ગામમાં રહેતા મુકેશ અંબાલાલ પટેલની જલુંદ ચોકડી પર ટ્રેડર્સની દુકાન આવેલી છે. જ્યાં તેઓ રેતી, સિમેન્ટ તથા સળિયાનો વેપાર કરે છે. તેઓ 19મી માર્ચના રોજ સાંજના દુકાન બંધ કરી ઘરે ગયાં હતાં. દરમિયાનમાં મોડી રાત્રે દુકાનના સીસીટીવી કેમેરા જોતાં લાઈટ બંધ હતી અને કેમેરા પણ બંધ હતાં. આથી, શંકા જતાં તાત્કાલિક દુકાન પર પહોંચ્યાં હતાં. આ સમયે દુકાનની બાજુમાં ટેમ્પો પડેલો હતો. આ ટેમ્પા નં.જીજે 23 એટી 5993 હતો. જે ટેમ્પામાં દુકાનના લોખંડના સળીયાની 12 ભારે ભરેલી હતી અને ચોરી કરી લઈ જવાની તૈયારીમાં હતાં. જોકે, આ તસ્કરોને પડકાતા તેઓ ટેમ્પા સહિત મુદ્દામાલ મુકી ભાગી ગયાં હતાં. આ અંગે તપાસ કરતાં સુરેશ રાજુભાઈ તથા તેના પત્ની નર્મદા ઉર્ફે રીયા તેમજ બીજા બે શખસ હોવાનુ જણાયું હતું. આ લોખંડના સળિયાને કિંમત આશરે રૂ.45 હજાર જેવી ગણી શકાય. આ અંગે મુકેશભાઈ પટેલની ફરિયાદ આધારે ખંભાત ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદ મનપામાં 3 દિ'ની રજામાં પણ ₹31.84 લાખનો વેરો ભરાયો

**કરમસદ-આણંદ** મનપાની વેરા શાખાની તમામ કચેરીઓ રજાના દિવસે પણ કાર્યરત



(પ્રતિનિધિ) આણંદ, તા.23

કરમસદ-આણંદ મહાનગરપાલિકાના કમિશનરના માર્ગદર્શન હેઠળ માર્ચ મહિનામાં બાકી વેરા વસૂલાતની ઝુંબેશ તેજ કરવામાં આવી છે. નાગરિકો સરળતાથી વેરો ભરી શકે તે માટે જાહેર રજાના દિવસોમાં પણ મનપાની તમામ કચેરીઓ ખુલ્લી રાખવાનો નિર્ણય લેવાયો હતો, જેના સકારાત્મક પરિણામ સ્વરૂપે છેલ્લા ત્રણ દિવસમાં પાલિકાની તિજોરીમાં 31 લાખથી વધુની આવક થઈ છે.

કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં આવતા આણંદ, બાકરોલ, વિદ્યાનગર, કરમસદ, મોગરી, લાંભવેલ, ગામડી અને જીટોડીયા ખાતેની કચેરીઓમાં નગરજનોએ ઉત્સાહપૂર્વક વેરો જમા કરાવ્યો હતો. આંકડાકીય માહિતી મુજબ, 19 માર્ચે 18.91 લાખ, 21 માર્ચે 8.78 લાખ અને 22 માર્ચે 4.14 લાખ મળી કુલ 31,84,127નો મિલકત વેરો વસૂલાયો હતો.

આ અંગે મનપા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, હજુ પણ જે નગરજનોનો વેરો ભરવાનો બાકી હોય તેઓ 31 માર્ચ 2026 પહેલા જમા કરાવી દે. આ માટે આગામી જાહેર રજાઓ જેવી કે 26 માર્ચ, 28 અને 29 માર્ચ તેમજ 31 માર્ચના રોજ પણ મનપાની તમામ કચેરીઓ વેરો સ્વીકારવા માટે ખુલ્લી રાખવામાં આવશે. તેમ જણાવ્યું હતું.

# ઉમરેઠમાં ધૂમ બાઈક ટક્કર સાયકલ સવાર આધેડનું મોત

**લીંગડા** પાસે સર્જાયેલા અકસ્માતમાં ખેતરે જતાં આધેડે જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.23

ઉમરેઠના લીંગડા ગામ પાસે પુરપાટ ઝડપે જતી બાઈકે સાયકલ સવાર આધેડને હડફેટે ચડાવ્યા હતાં. આ અકસ્માતમાં આધેડનું મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક ચાલકને પણ ગંભીર ઈજા પહોંચી હતી. આ અંગે ઉમરેઠ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદના લીંગડા ગામમાં રહેતા જીતેન્દ્રકુમાર નટવરસિંહ મહિડા ખેતી કામ કરે છે. તેમના ઘર નજીક તેમના કાકા ભરતસિંહ બલુભાઈ મહિડા (ઉ.વ.52) પણ પરિવાર સાથે રહે છે. તેમનું ખેતર લીંગડા - આણંદ રોડ પર કેનાલ પાસે આવેલું છે. દરમિયાનમાં જીતેન્દ્ર 23મીના રોજ સવારના સુમારે ખેતરમાં જઈ રહ્યો હતો તે સમયે લીંગડાથી આણંદ જવાના રસ્તા પર નાની કેનાલ પાસે કેટલાક માણસો ભેગા થયાં હતાં. આથી, જીતેન્દ્રએ તપાસ કરતાં આણંદ તરફથી લીંગડા જતાં બાઈક વાળાએ ટક્કર મારતાં સાયકલ સવાર રોડ પર પડી ગયાં હોવાનું જાણવા મળ્યું હતું. આથી, જીતેન્દ્રએ નજીક જઈ જોતાં તેમના કાકા ભરતસિંહ હતાં. આ સમયે 108 એમ્બ્યુલન્સ પણ આવી હતી. જેના ડોક્ટરે તપાસી ભરતસિંહને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતાં.

આ અંગે જીતેન્દ્રકુમાર મહિડાએ ઉમરેઠ પોલીસ મથકે બાઈક નં.જીજે 27 બીએ 2177ના ચાલક સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કપડવંજ નપાના સફાઈ કામદારો આજથી હડતાલ પર ઉતરશે

**વણઉકેલ્યા** પ્રશ્નો અને માનસિક ત્રાસ સામે સમસ્ત વાલ્મિકી સમાજ મેદાને



(પ્રતિનિધિ) કપડવંજ, તા.23

કપડવંજ નગરપાલિકાના સફાઈ કામદારોના લાંબા સમયથી પડતર અને વણઉકેલ્યા પ્રશ્નો મુદ્દે 'સમસ્ત વાલ્મિકી સમાજ ગુજરાત' દ્વારા વહીવટી તંત્ર સામે મોરચો માંડવામાં આવ્યો છે. પ્રદેશ પ્રમુખ જીતેશ સી. બારૈયાની આગેવાનીમાં સફાઈ કામદારોએ પ્રાંત અધિકારી એ. પી. ઝાલાને આવેદનપત્ર સુપ્રત કરી પોતાની માંગણીઓ રજૂ કરી છે અને જો તેનું નિરાકરણ નહીં આવે તો તારીખ 24 માર્ચ, 2026થી પ્રતીકાત્મક હડતાલ શરૂ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

કપડવંજ નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોના વિવિધ પ્રશ્નો અંગે અગાઉ અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર ઉકેલ લાવવામાં આવ્યો નથી. જેના વિરોધમાં હવે સફાઈ કામદારો આંદોલનનું શસ્ત્ર ઉગામવા જઈ રહ્યા છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, નગરપાલિકામાં ખાલી પડેલી સફાઈ કામદારોની જગ્યાઓ સત્વરે ભરવી, રોસ્ટર પ્રથા મુજબ ભરતી થયેલા કર્મચારીઓને ફરજિયાત સફાઈ કામની જવાબદારી સોંપવી અને કામદારો પર લાદવામાં આવતી ડબલ કામગીરી તાત્કાલિક બંધ કરવાની મુખ્ય માંગણીઓ છે.

આ ઉપરાંત, કામદારોએ આક્ષેપ કર્યો છે કે, સુપરવાઈઝરો દ્વારા તેમને માનસિક ત્રાસ આપવામાં આવે છે, જેની સામે કડક પગલાં ભરવા જોઈએ. અન્ય માંગણીઓમાં ફાયર વિભાગના કર્મચારીઓને નિયમ મુજબ ઓવર ટાઈમનું ચુકવણું કરવું તેમજ ડ્રેનેજ અને પી.ડબલ્યુ.ડી. વિભાગમાં કાયમી ભરતી વખતે રોજિંદા કર્મચારીઓને પ્રાધાન્ય આપવાનો સમાવેશ થાય છે. વધુમાં તંત્રની નિષ્ક્રિયતા સામે રોષ વ્યક્ત કરતા સફાઈ કામદારોએ સ્પષ્ટ કર્યું છે કે જો તેમના પ્રશ્નોનું તાકીદે નિરાકરણ નહીં આવે, તો તેઓ આવતીકાલથી પ્રતીકાત્મક હડતાલ પર ઉતરીને પોતાના હકની લડત લડશે.

# કપડવંજમાં પિતાના મારથી ડરીને ભાગી આવેલા કિશોરનું પરિવાર સાથે મિલન

**ખેડા ચાઈલ્ડ હેલ્પ** લાઈને બાળકને હેરાન ન કરવા અને અભ્યાસ કરાવવા તાકીદ કરાઇ

(પ્રતિનિધિ) કપડવંજ તા.23

ખેડા જિલ્લામાં બાળકો માટે કાર્યરત 1098 ચાઈલ્ડ હેલ્પ લાઈન ટીમની સંવેદનશીલ અને સમર્પિત કામગીરીને પરિણામે તાપી જિલ્લાના ઉકાઈ ડેમ વિસ્તારના એક 15 વર્ષીય કિશોરને સહી-સલામત રીતે તેના પરિવારને સોંપવામાં આવ્યો છે, આ કિશોર પિતાના ડરથી ઘર છોડીને નીકળી ગયો હતો. જેને ખેડા ચાઈલ્ડ હેલ્પ લાઈન દ્વારા શોધી કાઢી માનવીય અભિગમ સાથે પુનઃમિલન કરાવવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, અન્ય એક બાળકની શોધખોળમાં નીકળેલી ચાઈલ્ડ હેલ્પ લાઈનની ટીમને કપડવંજ પાંખીયા પાસેથી આ કિશોર મળી આવ્યો હતો. ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) ખેડાના માર્ગદર્શન અને રૂરલ પોલીસની મદદથી સૌ પ્રથમ સિવિલ હોસ્પિટલ ખાતે બાળકનું મેડિકલ ચેકઅપ કરાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને હિન્દુ અનાથ આશ્રમમાં સુરક્ષિત રીતે રાખવામાં આવ્યો હતો. આ પ્રક્રિયા દરમિયાન શરૂઆતમાં બાળક ખૂબ જ અસ્વસ્થ જણાતો હતો અને ત્યાંથી ભાગી જવાનો પ્રયાસ પણ કર્યો હતો. જોકે, હેલ્પ લાઈનની ટીમે તેની સાથે આત્મીયતા કેળવી મિત્રતાભર્યું વાતાવરણ પૂરું પાડતા તેણે પોતાની આપવીતી જણાવી હતી.




આ બાળકે જણાવ્યું હતું કે, તે તાપી જિલ્લાના ઉકાઈ ડેમ પાસેના ગામનો રહેવાસી છે અને તેના પિતા દ્વારા થતી મારપીટથી ગભરાઈને તે ટ્રેન દ્વારા ઘરેથી નીકળી ગયો હતો. બાળકના વર્તનમાં સુધારો જણાતા તેને ફરી ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. બાળકના ઉજ્જવળ ભવિષ્ય અને હિતને ધ્યાને રાખી તેને તેના પરિવાર પાસે પરત સોંપવાનો નિર્ણય લેવાયો હતો.

અંતે, સગીરના પરિવારજનોને બોલાવી, બાળકને હવે પછી કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક હેરાનગતિ ન કરવા અને તેનો અભ્યાસ આગળ ચાલુ રખાવવાની કડક સૂચના (તાકીદ) આપી તેને વાલીઓને સોંપવામાં આવ્યો હતો. આમ, ચાઈલ્ડ હેલ્પ લાઈન ટીમની સંવેદનશીલ કામગીરીથી એક ભટકેલા બાળકને ફરી પોતાનો પરિવાર મળ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગુમ કિશોર બાબતે ચાઈલ્ડ હેલ્પ લાઈન દ્વારા સરાહની કામ કરવામાં આવ્યું હતું.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225